# બેન્ચમાર્કમાં તેજી છતાં મિડ કેપ આંક 15 ટકા ડિસ્કાઉન્ટમાં

**એજન્સી** > મુંબઇ

છેલ્લા કેટલાક સમયથી શેરબજારમાં તેજીનો માહોલ છે અને સેન્સેક્સ ઊંચાઇની નજીક ટ્રેડ થઈ રહ્યો છે. આમ છતાં મિડ કેપ શેરો ડિસ્કાઉન્ટમાં ટ્રેડ થઈ રહ્યા છે જેથી આગામી સમયગાળામાં આ સેગમેન્ટમાં સારા વળતરની અપેક્ષા રાખવામાં આવે છે. શેરબજારના ડેટા સૂચવે છે કે, છેલ્લા કેટલાક સમય દરમિયાન મિડ કેપ શેરોમાં નોંધપાત્ર ઘટાડો જોવાયો છે. મિડ કેપ આંક જાન્યુઆરી 2018માં સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યા બાદ આ સપાટીને પાછો સ્પર્શી શક્યો નથી. નિફ્ટી-50ની સરખામણીએ નિફ્ટી મિડ-કેપ આંક ડિસ્કાઉન્ટમાં ટ્રેડ થઈ રહ્યો છે. છેલ્લા 18 મહિનામાં મિડ કેપ આંક 18 ટકા ઘટ્યો છે. આથી નિષ્ણાતોનું માનવું છે કે હવે આ સેગમેન્ટ બોટમઆઉટ થવાની તૈયારીમાં છે. રોકાણકારોએ શેરો કરતાં મિડ કેપ સેગમેન્ટને ફોક્સ કરતાં ફંડોમાં રોકાણ કરવું વધુ સુરક્ષીત હોવાનું એનાલિસ્ટોનું માનવું છે. ઉદાહરણ તરીકે ઇનવેસ્કો ઇન્ડિયા મિડ કેપ ફંડની છેલ્લા ત્રણ વર્ષની કામગીરીને મિડ કેપ આંકની સાથે સરખામણી કરવામાં આવે તો ખેરખર પિક્ચરનો ખ્યાલ આવશે. ફંડે ત્રણ વર્ષના ગાળામાં 12.74 ટકાનું વળતર આપ્યું છે તો સામે નિફ્ટી મિડ-કેપ 100 ટીઆરઆઈનું વળતર 11.71 ટકા હતું. જ્યારે પાંચ વર્ષ દરમિયાન ફંડમાં 15.14 ટકા સામે આંકમાં 13.33 ટકાનું રિટર્ન મળ્યું છે. જો લાંબા ગાળાનો વ્યૂ લેવામાં આવે તો પણ સમાન સ્થિતિ જોવાશે. એસઆઈપીથી રોકાણ જોવા જઈએ તો ત્રણ વર્ષના ગાળામાં 7.52 ટકાનું તો નિફ્ટી મિડ કેપ આંકમાં 3.25 ટકાનું જ રિટર્ન જોવાયું છે. જ્યારે પાંચ વર્ષ દરમિયાન ફંડમાં 9.99 ટકા સામે ઇન્ડેક્સમાં 8.28 ટકાનું વળતર મળ્યું છે.

નિફ્ટી મિડ કેપ કે બીએસઈ 100 મિડ કેપ આંક નિફ્ટી-50ની સરખામણીએ 15 ટકા ડિસ્કાઉન્ટ સાથે ટ્રેડિંગ થઈ રહી છે. એનાલિસ્ટોના મતે રોકાણકારોએ એવા ફંડમાં રોકાણ કરવું જોઈએ જેમાં લાંબા ગાળે સારું અને સુરક્ષીત વળતર મળે. મિડ કેપ ફંડમાં પાંચથી સાત ગાળાનો વ્યૂ ધરાવનારને વધુ સારું વળતર મળતું હોવાનું ડેટા સૂચવે છે.